# એડીશનલ ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧ અમદાવાદ

ફોજદારી કેસ નંબર ::- ૨૪૧૮૩/૧૯

આંક ::- ______

ફરિયાદી ::- <u>સરકાર શ્રી</u>

**વિરુધ્ધ**

આરોપી ::- લાભાભાઈ જેઠાભાઈ દેવીપૂજક - ૩૨

**ગુનો ::-આઈ.પી.સી.કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧**

## // ઠરાવ //

૧. ફરિયાદપક્ષના કેસની હકિકત એવી છે કે આ કામના આરોપીએ તારીખ ..૧૯/૩/૧૯....નાકલાક......ના સુમારે ...૧૨/૦૦... ..અમદાવાદ શહેરખાતે પોતાના કબજાનું વાહન..........................નો પાર્કીગ ઝોન /ચાર રસ્તા ખાતે ઉભી રાખી મે.પો.કમીશ્નરના જાહેરનામા નંબર ...ટ્રા/૨૦૧૯.............તારીખ...૧૪/૨/૧૯...નો ભંગ કરી ઈ.પી.કો. કલમ ૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૧૩૧ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ, ત્યારબાદ આરોપીએ આજરોજ અદાલતમાં કોર્ટ સમક્ષ હાજર થઈ પ્રથમ તબકકે જ ગુન્હા કબુલાતની પુરસીસ રજુ કરેલ છે. અને તેમાં જણાવેલ છે કે,તેઓનો આ પ્રથમ ગુન્હો છે, અને કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે. તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ હોવાનું જણાવી કોર્ટ સમક્ષ દયાની અરજ કરેલ છે, **આંક.**_____થી આરોપીની ગુન્હા સબંધી પ્લી લેતાં તેમાં પણ તેમની સામે ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરતા અંગે સમજાવવામાં આવ્યા, તેમ છતાં આરોપી

ગુના કબુલાતની હકીકતને વળગી રહેલ છે, જેથી આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અગાઉ આરોપીએ આ પ્રકારનો ગુન્હો કર્યો હોય તેવું રેકર્ડ પરથી જણાઈ આવતું નથી. જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને આરોપીને સુધરવાની તક મળી રહે તેમજ ભવિષ્યમાં તેઓ આ પ્રકારનું કૃત્ય નહી કરે તેવી કોર્ટ સમક્ષ ખાતી આપતા હોઈ આરોપીની સ્વૈચ્છીક કબુલાત લક્ષમાં લઈ ગુનેગારને તેના કૃત્યનો અહેસાસ થાય તે માટે નીચે મુજબ શિક્ષા કરતો હુકમ કરું છું.

## // હુકમ //

આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૨ અન્વયે તેમની સામેના આક્ષેપિત ઈપીકો કલમ ૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૧૩૧ મુજબના ગુન્હામાં દોષિત ઠરાવી રૂ. ૫૦૦/- પાંચસો પુરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન ૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે

મુદ્દામાલ વાહન મુળ માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૨ મી માહે માર્ચ સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

22/3/19

તારીખ : ૨૨/૦૩ /૨૦૧૯
સ્થળ :અમદાવાદ.

મોહંમદસલીમ હબીબખાન પઠાણ
જીજે.૦૦૮૧૧
એડી.ચીફ.મેટ્રો.મેજી.(કોર્ટ નં.૧)
અમદાવાદ

ન.ન-2